દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ

સોમવાર ૨૮ ઓક્ટોબર, ૨૦૨૪

# સરહદ પર ભલે વિવાદ હોય પરંતુ વેપારની દ્રષ્ટીએ ભારત અને ચીનને એકબીજા વગર ચાલે તેવુ નથી

2023માં ચીન એ ભારત માટે સૌથી મોટો આયાતકાર દેશ રહ્યો છે. ભારતે ચીનમાંથી કુલ આયાતના 13 ટકા આયાત કર્યા છે. સરળ શબ્દોમાં કહીએ તો, રૂ. 100ની કિંમતના કુલ વિદેશી સામાનમાંથી ભારત એકલા ચીન પાસેથી રૂ.13નો સામાન ખરીદે છે. સવાલ એ છે કે એ કઈ વસ્તુઓ છે જેના માટે ભારતને ચીન તરફ જોવાની મજબૂરી છે? ખર્ચ પ્રમાણે જોઈએ તો, ભારત વર્ષ 2023-24માં ઇલેક્ટ્રિકલ મશીનરી, સાધનો અને તેમના પાર્ટ્સ માટે ચીન પર સૌથી વધુ નિર્ભરતા ધરાવે છે. આમાં સાઉન્ડ રેકોર્ડર, ટીવી અને તેના પાર્ટ્સનો સમાવેશ થાય છે. બીજા નંબરે પરમાણુ રિએક્ટર, બોઇલર, મશીનરી અને તેના ભાગોનો સમાવેશ થાય છે. ટોપ ટેનની વાત કરીએ તો તેમાં પ્લાસ્ટિક અને તેને લગતી ચીજવસ્તુઓ, ઓર્ગેનિક રસાયણો, ખાતરો, લોખંડ અને સ્ટીલનો સામાન, વાહનના પાર્ટ્સ અને એલ્યુમિનિયમનો સમાવેશ થાય છે.ભારત ચીનને સૌથી વધુ એરક્રાફ્ટ, સ્પેસક્રાફ્ટ અને તેનો સામાન વેચે છે. ટોચની દસ ચીજો જોઈએ તો ભારત એલ્યુમિનિયમ ઉત્પાદનો, કપડાં, લોખંડ અને સ્ટીલ, ચામડાની ચીજવસ્તુઓ, હેન્ડબેગ્સ અને તેના જેવી વસ્તુઓ, રેશમ, પથ્થર, સિમેન્ટ, પ્લાસ્ટર જેવી ચીજો ચીનમાં નિકાસ કરે છે. વેપાર મુદ્દે મે 2024માં ગ્લોબલ ટ્રેન્ડ રિસર્ચ ઇનિશિએટિવ (જીટીઆરઆઇ)એ આંકડા જાહેર કર્યા છે. આ આંકડા અનુસાર, 2024માં નાણાકીય વર્ષમાં ભારત અને ચીન વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર 118. અબજ ડોલર રહ્યો છે. જીટીઆરઆઈના રિપોર્ટ અનુસાર, ભારતે ચીનથી થતી આયાતમાં કમી લાવવા માટે એન્ટી ડમ્પિંગ ટેક્સ અને ક્વોલિટી કંટ્રોલ સંબંધિત નિયમો લાગુ કર્યા છે. પરંતુ તેની કોઈ અસર ભારતની આયાત પર જોવા મળી નથી. જોકે, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના નવીનતમ ડેટા અનુસાર, ચાલુ નાણાકીય વર્ષ (2024-25)માં એપ્રિલથી ઓગસ્ટ સુધી, અમેરિકા એ ચીન કરતાં નજીવા માર્જિનથી આગળ નીકળી ગયું છે અને ટોચ પર છે. આ સમયગાળા દરમિયાન, અમેરિકા અને ભારત વચ્ચે કુલ 53 અબજ ડોલરનો વેપાર થયો છે, જ્યારે ભારત અને ચીન વચ્ચે 52.43 અબજ ડોલરનો વેપાર થયો છે. ચીન ભલે થોડા માર્જિનથી અમેરિકાથી પાછળ હોય પરંતુ નિકાસની દૃષ્ટિએ તેણે અમેરિકા કરતાં બમણી નિકાસ કરી છે. એપ્રિલથી ઓગસ્ટ સુધીમાં ચીને ભારતને 46.6 બિલિયન ડોલરનો સામાન મોકલ્યો હતો, જ્યારે અમેરિકાએ ભારતને 19 બિલિયન ડોલરનો સામાન મોકલ્યો હતો. આ પાંચ મહિનામાં ભારતે ચીનને માત્ર 5.7 અબજ ડોલરનો સામાન મોકલ્યો હતો, જે આયાતના માત્ર 8 ટકા છે. 2019 આ તણાવ પહેલાંનું નાણાકીય વર્ષ છે. આ વર્ષમાં ભારત અને ચીન વચ્ચે લગભગ 82 અબજ ડોલરનો વેપાર થયો હતો. જેમાં આયાત 65 અબજ ડોલર અને નિકાસ 16 અબજ ડોલરની હતી.2020માં તણાવના એક પછી પણ વેપારમાં 5 ટકાનો વધારો થયો છે.

આ વર્ષે બંને દેશો વચ્ચે લગભગ 86.5 અબજ ડોલરનો વેપાર થયો હતો. જેમાં આયાત 65 અબજ ડોલરથી વધુ અને નિકાસ 21 અબજ ડોલરની હતી.2021માં આ વર્ષમાં ભારત અને ચીન વચ્ચેના વેપારે સદી ફટકારી હતી. બંને દેશો વચ્ચે 115 અબજ ડોલરનો વેપાર થયો હતો અને ગત વર્ષની સરખામણીમાં લગભગ 34 ટકાનો વધારો જોવા મળ્યો હતો. આ સમયગાળા દરમિયાન નિકાસ આગળના વર્ષની જેમ જ 21 બિલિયન ડોલર રહી હતી, પરંતુ આયાત 45 ટકા વધીને 94.5 બિલિયન ડોલર સુધી પહોંચી હતી. 2022ના વર્ષમાં વેપારમાં 1.74 ટકાનો ઘટાડો થયો અને આ આંકડો 113 બિલિયન ડોલર પર અટકી ગયો હતો. આ વર્ષે નિકાસમાં 28 ટકાનો જંગી ઘટાડો નોંધાયો હતો પરંતુ આયાત 4 ટકા વધીને 98.5 અબજ ડોલર થઈ હતી. 2023 એટલે કે, ગત વર્ષે ભારત અને ચીન વચ્ચેનો વેપાર છેલ્લા પાંચ વર્ષમાં 118 બિલિયન ડોલરના રેકોર્ડ સ્તરે પહોંચ્યો હતો. પાંચ વર્ષમાં પ્રથમ વખત, આયાત 101 બિલિયન ડોલર સુધી પહોંચી અને નિકાસ માત્ર 16.6 બિલિયન ડોલર હતી.

# નોખો નાતો જોડતો કાવ્યસંગ્રહ.... સાવ અનોખો નાતો

અક્ષરની આરાધના

સંપાદનઃ નરેશ શુક્લ

મુંબઈમાં દંતચિકિત્સક તરીકે કાર્યરત એવાં ડૉ. ભૂમા વશી સાથોસાથ 'આત્માના કોચ'છે. એમનો પહેલો કાવ્યસંગ્રહ તાજેતરમાં પ્રગટ થયો છે. ગીતો, કવિતાઓ, અછાંદસ રચનાઓ આ સંગ્રહમાં સમાવી છે. મને સૌથી વધારે મજા પડી એ એમનાં ગીતોમાં. મજાનો લય જાળવીને હલકી-ફૂલકી સંવેદનાઓ આ ગીતોમાં ઝીલાઈ છે. પરંપરાગત રીતિઓ સાથેનું અને લયની રીતે પૂર્વસૂરિઓ સાથેનું સ્પષ્ટ જોડાણ અનુભવાતું હોવા છતાં કશુંક એવું તત્ત્વ આ રચનાઓમાં છે જે આપણને રસ પડે તે માટે પ્રેરે છે. દુન્યવી પ્રેમ અને સાથોસાથ કૃષ્ણપ્રેમની અભિવ્યક્તિ કેટલીક નવી લાગતી અનુભૂતિઓને કારણે ફ્રેશનેસનો અનુભવ કરાવે છે. સાથોસાથ વિષયોનું નાવીન્ય, આધુનિક ટેક્નોલોજી, સંસાધનોને જે સહજ રીતે પોતાની રચનાઓમાં વણી લે છે એ આ કવિનો વિશેષ. આત્માના કોચ- એવા આ કવિની કેટલીક રચનાઓ ચોક્કસ ઉદ્દેશથી લખાયેલી છે. એમાં રચનાત્મક ભાવનાઓ, વિચારો અને એમાંથી ઉપસતાં સંવેદનચિત્રો તાજગીસભર અનુભવ કરાવે છે. જુઓ કેટલાક નમૂનાઓ-

આજ હવે તો મન આ મારું મોર બની થનગનતું રે,

આજ અચાનક અંગઅંગ પર મોરપિચ્છ ફરફરતું રે..! (પૃ.35)

વૃક્ષની પીડાને આલેખતા કાવ્યમાં પ્રકૃતિ સાથેનું જોડાણ સરસ રૂપ ધરીને આવ્યું છે.

મૂર્તિનેતોડો,તોથાશેવિખવાદઅહીં
મૂળિયાની ચીસો સંભળાય છે !
ઊડતા ભગવાનની પાંખોને કાપીને
બેઘર જો એને કરાય છે !

માણસના દંભને તેઓ સહજ રીતે ઉપસાવી આપે છે. આ પ્રકારની ઘણી રચનાઓ આ સંગ્રહમાં મળે છે. તો પ્રેમનું- ગાઢ દુન્યવીરૂપ આ રીતે કૃષ્ણના રેફરન્સથી આલેખે છે. આ આપણી પરંપરા છે. એમાં નિજી તડપને અભિવ્યક્ત કરી છે.

પડખે બેસો ને પછી નજર્યું તો મેળવો,
ને થરથરતી પાંખડીઓ ચાખો,
પાલવમાં લહેરાતાં લાગણીના સૂસવાટા
એને હથેળીમાં રાખો !

ઘણાં બધાં ગીતોમાં લય તો જૂનો ને જાણીતો છે, પણ માવજત નવી છે



**એવા આ કવિની કેટલીક રચનાઓ ચોક્કસ ઉદ્દેશથી લખાયેલી છે. એમાં રચનાત્મક ભાવનાઓ, વિચારો અને એમાંથી ઉપસતાં સંવેદનચિત્રો તાજગીસભર અનુભવ કરાવે છે**

ને એ કવિની ઉપલબ્ધિ ગણી શકાય. પુસ્તકને સ્પર્શ્યા પછી, બા-બાપુજી સાથોનો નાતો, પ્રિયજન માટેનો ગાઢ પ્રેમ, સંબંધોની સૂક્ષ્મ સંવેદનાઓ, ભૂમાને દેવહુમા સાથેનું સન્ધાન, સપનાંઓ, ટેક્નોલોજીનાં કામણ, લોકડાઉન-કોરોનાને લગતાં કાવ્યો, ધ્યાન અને અધ્યાત્મને લગતાં કાવ્યોમાં અનેક વિષયો પર થોકબંધ કાવ્યો આપ્યાં છે. એમાં ઘણાં ઉત્તમ અનુભૂતિ કરાવનારાં છે. સ્વપ્નો, મીઠી યાદો જેવા વિષયો મજેથી ઝીલાયા છે. વોટ્સએપનું આંગણું- નામની રચના જુઓ- મજાની થઈ છે-

ઉમટે છે એટલું તો વ્હાલ, વ્હાલેરી સખી
વોટ્સએપ પર ઉછળે ગુલાલ
વાતો ને સ્માઈલીઝ, આલિંગન પણ મોકલ્યું
ને ઉછળે આ આંગણિયે વ્હાલ-
વ્હાલેરી સખી, વોટ્સએપને આંગણિયે ચાલ ! (પૃ.38)

તો સાક્ષીભાવ આ રીતે આલેખાયો છે-

જાગીને જોવું જોઈને જીવવું જીવવું ને મરવું ઊંચેથી જોવું- (પૃ. 61)

એવું જ કાવ્ય એટલે - 'હરિએ જોયું આણી પાર..'

નામ મારું હોઠેથી બોલ્યા ધન્ય ધન્ય અપારા રોમેરોમે દીવા પ્રગટ્યા ઝળહળ થઈ અંબારા હરિએ જોયું આણી પાર...(પૃ.62)

'જૂનું ફર્નિચર'- વિશેનું કાવ્ય સૂક્ષ્મ વિચ્છેદનો ભાવ કેવી રીતે અભિવ્યક્ત કરે છે તે જુઓ-

સાવ જૂનું થઈ ગયેલું ફર્નિચર હોઉં એવું લાગે છે ક્યારેક !! સાફ કરવાને બહાને પણ ના સ્પર્શે !(પૃ.90)

લોકડાઉનના અનુભવને આ રીતે વાચા આપી છે-


ખુલ્લીતેસડકોનેઊંચેઆકાશજોઈ,
એકલીઅટુલી સાવ ઉંબરે બેઠી'તી એતો,
બેટરી પડીતી એની મરવા,
કે મારી ગાડીને લઈ ગઈ હું ફરવા.

ગાડીને લગતી બીજી પણ રચના છે. વર્ષો જૂની ગાડી વેચતી વખતે જન્મેલાં સંવેદનો આ કવયિત્રીના સંવેદનશીલ વ્યક્તિત્વને પ્રદર્શિત તો કરે જ છે સાથોસાથ એક લિરિકલ અનુભૂતિનું રૂપ પણ પ્રગટી આવે છે. ડૉ. ભૂમાની કલમ અનેક વિષયોને પોતાના આશ્લેષમાં સહજ રીતે લે છે. હા, ક્યાંક ને ક્યાંક અન્ય કવિઓની રચનાઓનો જાણે પ્રતિધ્વનિ ઝીલાતો અનુભવાય છે. કેટલીક અછાંદસ રચનાઓમાં આયાસ અને જોડકણાં જેવો અનુભવ પણ થયા વિના નથી રહેતો પણ સાથોસાથ પોતાની અનુભૂતિની નોંખપ આલેખવાની તત્પરતા ને જગતને જોવાની રચનાત્મક રીત આપણને આ કાવ્યો દ્વારા અનુભવવા મળે છે. આ કાવ્યોને આવકારું છું.

**(સાવ અનોખો નાતો (કાવ્યસંગ્રહ) ડૉ. ભૂમા વશી, પ્ર.આ. 2024, પ્રકા. નવભારત સાહિત્ય મંદિર, 134, પ્રિન્સેસ સ્ટ્રીટ, દવા બજાર, મુંબઈ-400002, કુલ પાનાં- 214, કિં. 350.00રૂ. કાચું પૂંઠું)**

# વિજ્ઞાનકથાઓમાં ઘણું કરવાનું બાકી છે...

ગુજરાતી સાહિત્યમાં વિજ્ઞાનકથાઓ લખવાનો ચાલ બહુ ઓછો છે. બીજાં ગુજરાતી સાહિત્યસ્વરૂપોને મુકાબલે વાર્તાઓ વધારે વંચાય છે, નવલકથાઓ પણ ખાસ્સી લોકપ્રિય નીવડે છે. ગુજરાતમાં જાસૂસીકથાઓ, ડાકુકથાઓનું બજાર પણ ઓછું નથી. લોકપ્રિય સાહિત્યમાં ખાસ્સું ખેડાણ આરંભકાળથી(અર્વાચીન સમયમાં) જ થતું આવ્યું છે. પણ મૌલિક જાસૂસકથાઓ અને બીજી બાજુ મૌલિક વિજ્ઞાનકથાઓના ક્ષેત્રે પ્રદાન કરનારા લેખકોની સંખ્યા બહુ ઓછી રહી છે. જે કંઇ ઉત્તમ છે એ અનુવાદરૂપે કે રૂપાન્તરણરૂપે થયેલું ખેડાણ જોઈ શકાય. જે થોડુંઘણું લખાય છે એમાં રવીન્દ્ર અંધારિયાના સાતત્યભર્યા પ્રયાસોને નોંધપાત્ર ગણવા રહ્યા. એમણે બાળ સાહિત્ય, પર્યાવરણકથાઓ આપવા સાથે આ વિષયને કેન્દ્રમાં રાખતાં સંપાદનો પણ એમના દ્વારા કરવામાં આવ્યાં છે. ભાવનગર જિલ્લો એમાં શિરમોર રહ્યો છે-એવું જરૂર કહી શકું. મુ.મો.ભટ્ટ, રવીન્દ્ર અંધારિયા, આઈ.કે.વીજળીવાળા જેવા લેખકોએ વિજ્ઞાનકથાઓમાં પોતાનું વિશેષ પ્રદાન આપ્યું છે એ સંદર્ભ મારા મનમાં પડ્યો છે.




આ વાર્તાસંગ્રહની આગળ લેખકે વિસ્તૃત એવો લેખ આપ્યો છે એ રસિકજનો માટે ઉપયોગી નીવડે એવો છે. એમાં એમણે વિજ્ઞાનકથાની વ્યાખ્યાઓ, વિચારણાઓને વિગતે સમજાવી છે. જૂલે વર્નથી માંડી વિશ્વના સાયન્સ ફિક્શન લખતા લેખકોને યાદ કરવા સાથે ગુજરાતી લેખકોમાં યશવંત મહેતા, મધુરાયે કરેલ વ્યાખ્યાને ધ્યાને લીધી છે. એ જ રીતે હિન્દી સાહિત્યના વિવેચકોને પણ સામેલ કર્યા છે. આ લેખ આ દિશામાં રસ ધરાવનારાઓ માટે ઉપયોગી નીવડે એવો છે. આ ગ્રંથમાં કુલ-12 રચનાઓ સમાવાઈ છે. એક રીતે જોઈએ તો સ્વતંત્ર વાર્તારૂપ જ આલેખાઈ છે. પણ ડૉ. કબીર કોમનરૂપે વારંવાર આવતા-જતા રહે છે. આ વાર્તાના વિષયો ટેક્નોલોજી, પર્યાવરણનાં તત્ત્વો, રોગ અને વિષાણુઓ, રોબોટ ઈત્યાદિ છે. એમાં સામાન્ય રીતે પ્રસિદ્ધ મૂલ્યોને સિદ્ધ કરવાનો અને એમાં નવા નવા પ્રકારના પડકારો આલેખવામાં આવ્યા છે. જેમ કે, ઈન્તકામ- વાર્તાનો વિષય છેલ્લા ત્રણેક દાયકાથી વિશ્વભરમાં ચર્ચાય છે તે માનવોએ વિકાસના નામે જે ભિન્ન ભિન્ન પ્રકારનાં પ્રદૂષણો ભૂગર્ભ જળથી માંડી પૃથ્વીના અયનની બહાર પણ જે કચરો ફેલાવ્યો છે તે બધાને કારણે ગ્રીન હાઉસ ઈફેક્ટ અને પર્યાવરણીય પરિવર્તન આવ્યું છે. જે માનવજાતને જ નહીં સમગ્ર જીવસૃષ્ટિ માટે મહાવિનાશનું કારણ બનશે- આ બાબતને કેન્દ્રમાં રાખીને વાર્તારૂપ આપવામાં આવ્યું છે. સીધી સરળ પ્રયુક્તિથી લખાયેલી આ વાર્તા રસપ્રદ જરૂર છે. નિબંધથી વધારે અસર જન્માવે એવી નથી. જીવલેણ ફ્લૂ- વાર્તામાં હમણાં જ માનવજાત કોરોના જેવી મહામારીનો સામનો કરી ચૂકી છે એના સંદર્ભમાં લખાઈ છે. માત્ર વાઈરસનું આક્રમણ હોત તો સામનો થઈ જાત પણ માણસની લોભવૃત્તિ, કોઈ પણ ભોગે- લોકોના જીવના ભોગે- પણ પોતાનો સ્વાર્થ સાધતાં મેડિસિન-તંત્ર પર પ્રહાર કરતી આ વાર્તા પ્રમાણમાં સંઘર્ષ ઘૂંટાયા વિના કહેવાઈ છે. વાર્તા એના કથાનકની રીતે મજબૂત છે પણ આ પ્રકારની વાર્તાઓમાં મૂલ્યો, સંવેદનાઓ કરતાંય વૈજ્ઞાનિક બાબતોથી માંડી એના દ્વારા ઘૂંટવાનું થતું રહસ્ય ઘૂંટવાને બદલે સંકેલો ઝડપથી કરી દેતા હોય એવી અનુભૂતિ થયા વિના રહેતી નથી. બાકી એમનો પ્રયાસ મજાનો અને રચનાત્મક દૃષ્ટિ સાથેનો હોય છે. 'અઠંગ ઉઠાવગીર'આવનારી ટેક્નોલોજી સામાન્ય લોકોના જીવનમાં વણાતી જાય છે, રોબોટ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ધરાવતાં એ મશીનોને કારણે સ્માર્ટ તરીકેથી જે ધોખા-ધડી શરૂ થઈ જ ગઈ છે તેનું એક રૂપ આ વાર્તામાં આલેખાયું છે. રોબોર્ટ ખરીદીને એની પાસે ચોરી કરાવતા એના શેઠ- અને કોર્ટ કેસ આ વાર્તામાં આલેખાયા છે. છે મજાનું પણ ફરી કહીશ કે લેખક પોતાની કલ્પનાને બાંધી રાખે છે. આ થિમમાં ચોરી તો સામાન્ય ચોર જેવી જ કરાવી છે. એ પોતે જ આ વાર્તાની મોટી મર્યાદા બની રહે. રોબોટ પાસે ચોરી કરવાનો તરીકોય નવો હોત તો વાર્તામાં રંગત આવતે. આ મજબૂત બીજ લેખકની ઉતાવળે ખરચાઈ ગયેલું અનુભવાયું. તેમ છતાં માઈન્ડરીડર, વાઈરસની શોકસભા, માખી, અત્તરિયો, 007 રેટબોન્ડ- જેવી વાર્તાઓ મજાની બની છે. જો કે, ફરી ફરી કહેવાનું મન થાય કે, લેખકે જે ક્ષેત્રમાં કામ કરવા ધાર્યું છે એ ક્ષેત્રમાં આ બધી કલ્પનાઓ પણ આજના દિવસે ફિક્કી લાગે- એટલે બીગ થિન્કની અપેક્ષા રહે. ટેક્નોલોજી માનવને મદદરૂપ થવા શોધી છે, પણ એનો ઉપયોગ જ્યારે ડર્ટી માઈન્ડના હાથમાં આવે ત્યારે કેવા કેવા સંઘર્ષો સર્જાય, મૂલ્યો અને જાંચ પદ્ધતિઓમાં કેવા બદલાવ આવી શકે, કરવા જોઈએ કે પછી સાવ કલ્પનાઓના ઘોડાને છૂટ્ટા મૂકીને ઘણું થઈ શક્યું હોત. પણ મુશ્કેલી કદાચ આપણા ગુજરાતી વાતાવરણની છે- મૂલ્યસ્થાપનનો મોહ, કલ્પનામાંય કંજૂસાઈ કરવાની આપણી આદતો જાણે કે લેખકોના પગમાં બેડીઓ બની રહે છે. બાકી આ ક્ષેત્ર કેટલું બધું મોકળાશ અને હવે વધારે ચેલેન્જ આપનારું બન્યું છે એ વિચારીએ ત્યારે અવશ્ય આશા જન્મે કે ગુજરાતી કિશોરોને, ભાવકોને વધારે થ્રિલ, વધારે વ્યાપક એવા ફલકમાં લઈ જતી વિજ્ઞાનકથાઓ વાંચવા મળે....! રવીન્દ્ર અંધારિયા દ્વારા સાતત્યસભર પ્રયત્નો થતા રહે છે એનો આનંદ વ્યક્ત કરવા સાથે આ વાર્તાઓને આવકારું છું.

**કે ગુજરાતી કિશોરોને, ભાવકોને વધારે થ્રિલ, વધારે વ્યાપક એવા ફલકમાં લઈ જતી વિજ્ઞાનકથાઓ વાંચવા મળે....!**

**(માઈન્ડરીડર (વિજ્ઞાનકથાઓ) રવીન્દ્ર અંધારિયા, પ્ર.આ.2023, પ્રકા. અવનિકા પ્રકાશન, 419એ, સર્વોદય કોમર્શિયલ સેન્ટર, ચોથે માળ, જી.પી.ઓ. પાસે, અમદાવાદ-380001, કુલ પૃ. 96, કિં. 150.00)**

# પુરસ્કૃત ગુજરાતી વાર્તાઓનો સંપુટ

પારુલ બારોટે કેન્દ્રીય સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા સન્માનિત ગુજરાતી વાર્તાકારો હિમાંશી શેલત, સુમન શાહ અને મોહન પરમારની પસંદ કરેલી વાર્તાઓને સમાવતું સંપાદન આપ્યું છે. આરંભે નિવેદનમાં પોતાની દૃષ્ટિ સ્પષ્ટ કરે છે એ આ રીતે- ગુજરાતી સાહિત્યમાં જો સૌથી જીવંત સ્વરૂપ હોય તો તે વાર્તા છે. એ હમેશાં ચર્ચાસ્પદ રહી છે. સુરેશ જોષીએ પરંપરાગત વાર્તા સામે અવાજ ઉઠાવીને આધુનિક વાર્તાની વિભાવના સ્પષ્ટ કરી. સુરેશ જોષી પછી ચંદ્રકાન્ત બક્ષી, મધુ રાય, કિશોર જાદવ, સરોજ પાઠક, રઘુવીર ચૌધરી, રાધેશ્યામ શર્મા, ઇવા ડેવ કે ઘનશ્યામ દેસાઇ જેવાં સર્જકો 1980થી પોતાનું કૌવત દાખવતાં રહ્યાં છે. 1955 પૂર્વે વાર્તા તરીકે સિદ્ધિ પ્રાપ્ત કરી ચૂકેલા ત્રણ વાર્તાકારો પન્નાલાલ પટેલ, જયંતી દલાલ અને જયંત ખત્રી આ ગાળામાં વાર્તાઓ લખતા રહ્યા છે. આ એવોર્ડ આપવામાં કદાચ આ બધા વાર્તાકારોની ઉપેક્ષા થઈ હોય તેમ જણાય છે. (નિવેદન)

થોડો વિગતદોષ (એમણે આપેલ યાદીનાં વાર્તાકારો 1980 પહેલામાં નિવડી ચૂકેલી વાર્તાઓ આપી ચૂકેલા છે.) છોડી દઈએ તો એ ખરું કે આ વાર્તાકારોની વાર્તાઓ ચોક્કસ દેશની વાર્તાસમૃદ્ધિમાં વધારો કરે, નોખા અવાજ સાથે ઊભી રહે તેવી બનવા જાય છે. એમને પોંખવામાં કેન્દ્રીય અકાદમી ઊણી ઊતરી છે એવો ભાવ અહીં નિવેદનમાં અને પછી પ્રસ્તાવનામાં તાર સ્વરે એમણે ઉઠાવ્યો છે. જો કે, આમાંનાં મોટા ભાગનાં વાર્તાકારો એવાં રહ્યાં છે જેમને કોઇ ઇનામ મળે ન મળે, ગુજરાતી પ્રજાના હૈયામાં જરૂર સ્થાન જમાવી બેઠેલાં છે એ નક્કી. સંપાદકીય લેખમાં પારુલબહેને ખાસ્સી જહેમત કરી છે પણ એમની વાર્તપ્રવાહ અને વાર્તાકલાનાં વાનાઓની સમજમાં કેટલીક ભેળસેળ થઇ હોવાથી બહુ સુરેખ ગ્રાફ ઉપસી શક્યો નથી. જેનું એક નાનકડું ઉદાહરણ આપું-

**આ ત્રણેય વાર્તાકારોની વાર્તાઓની સંખ્યા ખાસ્સી મોટી છે. એને પાછી વિગતે જોઈએ તો વિષયવૈવિધ્ય, રચનારીતિનું વૈવિધ્ય, વાર્તારચના તરફનો ત્રણેય વાર્તાકારનો દષ્ટિકોણ આગવો છે**

'અનુઆધુનિક વાર્તા પરંપરાગતની જેમ ઘટનાનો સ્વીકાર કરીને ચાલે છે. સરલીકરણ તેનું પ્રથમ શસ્ત્ર છે. સરળતામાં સૂક્ષ્મતા અનુઆધુનિક વાર્તાનો મુખ્ય આધાર છે. અહીં એક વાતની સ્પષ્ટતા કરવી જરૂરી લાગે છે કે ગુજરાતી ટૂંકી વાર્તા ધૂમકેતુ પહેલાં કે ધૂમકેતુ પછી વિસ્તરતી વિસ્તરતી સુરેશ જોષીથી 1980 સુધી આવે છે ત્યારે એમાં ઘણું બધું બદલાઈ ચૂક્યું હોય તેમ લાગે છે. અહીં એક વાતની એ પણ સ્પષ્ટતા કરવી જરૂરી છે કે પરંપરાગત વાર્તાને જીવાડનારું પરિબળ નાવીન્યપૂર્ણ વિષયવસ્તુ અને આધુનિક વાર્તાને જીવાડનારું પરિબળ સૂક્ષ્મ સંચાલનો દ્વારા અર્થનિષ્પત્તિ- આ બંનેનો અનુઆધુનિક વાર્તા સ્વીકાર કરીને ચાલે છે. એટલે વસ્તુ અને કલા બંનેને પ્રાધાન્ય આપે છે. અનુઆધુનિક વાર્તા ત્રણ કારણે પુરોગામી વાર્તાકારોથી ભિન્ન ભાસે છે.'(પૃ.13, સંપાદકીય લેખ) આ ભાષા સ્વાભાવિક જ વિવેચનની ન હોય. નથી. એમાં ટેક્નિકલ અને દસ્તાવેજી ચર્ચા કરવાને બદલે માન્યતાઓને પ્રગટ કરી છે. જો કે, અનુઆધુનિકતા- વિશે આપણે ત્યાં નારીવાદી, દલિત સાહિત્ય, દેશીવાદી સાહિત્યને જ ગણવામાં આવ્યું છે. ચંદ્રકાન્ત ટોપીવાળા, સુમન શાહ, બાબુ સુથાર અને બીજા કેટલાકે અનુઆધુનિકતા વિશે વિસ્તૃત વિચારણા કરી છે. એ રસ ધરાવનારાએ જોવા જેવું છે.રહી સંપાદનમાં સમાવેશ પામેલી સર્જકોની વાર્તાઓ વિશે. આ ત્રણેય વાર્તાકારોની વાર્તાઓની સંખ્યા ખાસ્સી મોટી છે. એને પાછી વિગતે જોઈએ તો વિષયવૈવિધ્ય, રચનારીતિનું વૈવિધ્ય, વાર્તારચના તરફનો ત્રણેય વાર્તાકારનો દૃષ્ટિકોણ આગવો છે. એના વિશે ચર્ચા કરવી આ નાનકડા ફલક ઉપર શક્ય નથી. ત્રણેય સર્જકોની સાત સાત વાર્તાઓ અહીં સમાવાઇ છે. સંપાદકનો આ વાર્તાઓની પસંદગી પાછળની વિચારણા છે એના કેટલાક અંશ જાણવા રસપ્રદ રહેશે. હિમાંશી શેલતની વાર્તાઓ વિશે સમગ્રલક્ષી નિદાન આ રીતનું છે- હિમાંશી શેલતની 155 વાર્તાઓ જીવનના મર્મો સાહજિક રીતે ખુલ્લા કરે છે. કોઇ ભાગ્યે જ વાર્તા સાત પાનાંથી વધારે હશે. આ નાનકડી વાર્તાઓનું ગદ્ય ગુજરાતી સાહિત્યનો પડાવ છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. - એમ કહેતા સંપાદક સાથે સ્વાભાવિક જ સહમત થવાય. એમણે બધી વાર્તાઓ તપાસવા સાથે અન્ય વિવેચકોના મતોની ચર્ચા પણ કરી છે, તે આ લેખનો વિશેષ ગણીશ. સુમન શાહની વાર્તાઓ વિશે લખે છે- વાર્તાકાર સુમન શાહમાંથી પસાર થતાં એક વિશેષતા આ તરી આવે




છે કે લેખકને દુન્યવી રીતરસમોની ખૂબ નજીકથી ઓળખ છે. વાસ્તવના વિવિધ પડ કેવી રીતે ઉકેલવા એ એ સારી રીતે જાણે છે. ભલે એમની વાર્તાઓ દીર્ઘસૂત્રી લાગે પણ ટૂંકી વાર્તાનું લાઘવયુક્ત લક્ષણ એ જાતિધર્મ લેખે બરકરાર રાખે છે. વાર્તાના પ્રારંભ અને અંત વચ્ચે વાસ્તવને ઊલટસૂલટ કરવાની જે ધમાલ મચાવી છે તે બેનમૂન છે. કલ્પનામાંય ન હોય તેવા પ્રસંગો વાર્તામાં એકાએક ધસી આવે ત્યારે એ આગંતુક પ્રસંગોના લાગે તેની તેમણે કાળજી લીધી છે. લાંબી લઢણે લખતાં આ લેખકની કેટલીક વાર્તાઓ વાચકને હંફાવીને અધમૂવો કરી મૂકે તે ગજાની છે. પરંતુ વાર્તાને અંતે લાધતું જીવનસત્ય વાર્તાને ઉગારે છે. (સંપાદકીય લેખ- પૃ.24) સંપાદકની મથામણ સારી છે પણ રજૂઆતમાં પ્રશ્નો સર્જે છે. વાચકને હંફાવીને અધમૂવો કરી મૂકે તે ગજાની છે- એવા કોઈ વિધાન સાથે સહમત થઈ શકાય એમ નથી. તો મોહન પરમારના બધા જ વાર્તાસંગ્રહોની તપાસ આદરી છે. એમાં અભિનિવેશ પ્રગટી આવવા સાથે મોહન પરમારની વાર્તાકાર તરીકેની સિદ્ધિને આ રીતે અંકે કરે છે- આમ સાત વાર્તાસંગ્રહો આપનાર મોહન પરમારે ગુજરાતી વાર્તાને આપેલ કેટલાંક વાર્તારત્નોની નોંધ ઇતિહાસને લીધા વિના નહીં ચાલે. કોલાહલથી ચાલ્યું આવેલું તેમનું વાર્તાસાતત્ય માત્ર વાર્તારસ પૂરતું સીમિત નથી. કૈંક ને કૈંક નવાં સંચલનો જગાવી ગુજરાતી વાર્તાને ઉત્તમ વાર્તાઓની ભેટ આપવી તે જાણે એમનો શિરસ્તો છે.(સંપાદકીય- પૃ.34)

સંપાદકે કરેલી જહેમતને સલામ. આ સંગ્રહનું સ્વાગત છે.

**(પુરસ્કૃત ગુજરાતી વાર્તાસર્જકો (સંપાદન) સં. પારુલ બારોટ, 2024, પ્રકા. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001, પૃ.288, કિં. 380.00રૂ. કાચું પૂંઠું)**

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## જુની પરંપરાઓને બદલો

દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે. જેમાં ખાસ કરીને કાળી ચૌદસના દિવસે અમુક સમાજમાં હજી પણ એવો રિવાજ છે કે તે દિવસે ચકલામાં અર્થાત્ જ્યાં ચાર રસ્તા મળતા હોય ત્યાં વચ્ચોવચ્ચ જુના માટલા, ઝાડુ, પીંછી સાથે અમુક ખાદ્ય સામગ્રી મૂકવાનો રિવાજ છે. આ વિધિને કકળાટ કાઢવો કહેવામાં આવે છે. જેના થકી અકસ્માત સર્જાવાની ભીતિ તો રહે જ છે એ જાણવા છતાં પણ ઘરે આવી ગર્વથી કહે છે કે અમે કકળાટ કાઢી આવ્યા. હવે પરિવારમાં આખું વર્ષ શાંતિ રહેશે. અરે ભાઈ! શાનો કકળાટ, કે કંકાસ? એનું કેન્દ્રબિંદુ પણ આપણું જ મન છે. મનમાં ઉદ્ભવેલા નકારાત્મક વિચારોનું એ પરિણામ છે. એને દૂર કરવું પણ આ મનના જ હાથમાં છે. બસ મનને શાંત રાખી અમુક વિચારોની દિશા બદલવાની જરૂર છે. તો આપોઆપ શાંતિ સ્થપાય છે. જેને આ ઝાડુ પીછા સાથે દૂર દૂરથી પણ કઇ નિસ્બત નથી કે કોઈ શાસ્ત્રમાં એનું લખાણ નથી. છતાં માની લો કે એ બહાને કુંભારને રોજગારી મળે. પણ જુના માટલા પણ અમુક સામગ્રી ભરવા ઉપયોગમાં લઇ શકાય. ખાદ્ય સામગ્રીથી કેટલાંય પરિવારોમાં ખુશી લાવી શકાય અને કેટલાંય નાણાંની બચત થાય એ અલગ. માટે આવા કુરિવાજોને તિલાંજલિ આપી પરિવાર સાથે તહેવારોની ઉજવણી કરશો તો એ ખુશી કંઈક અલગ જ હશે.

**સુરત - રેખા એમ. પટેલ**

## હવે દેશ માટે બંધારણીય સુધારા જરૂરી છે

તા. ૨૩/૧૦ ના 'ગુ.મિત્ર'માં સમાચાર હતા કે, થાણેની મ્યુ. કોર્પોરેશન ડેપ્યુટી મેરેજ રજીસ્ટ્રેશને એક મુસ્લિમ શખ્સના ત્રીજા લગ્નની નોંધણીનો ઈન્કાર કર્યો કે, મહારાષ્ટ્ર રેગ્યુલેશન ઓફ મેરેજ બ્યુરો અને રજીસ્ટ્રેશન ઓફ મેરેજ એક્ટ હેઠળ લગ્નની વ્યાખ્યા માત્ર એક જ લગ્નનો વિચાર કરે છે, મામલો પહોંચ્યો બોમ્બે હાઈકોર્ટમાં, તો ચુકાદો આપતાં કહ્યું કે, મુસ્લિમો માટેના અંગત કાયદાઓ હેઠળ એક સમયે ચાર પત્નીઓ રાખી શકે છે, માટે મુસ્લિમ પુરુષો એક કરતાં વધુ લગ્નની નોંધણી કરાવી શકે છે. દેશમાં ફોજદારી કાયદાઓ પ્રત્યેક નાગરિકને સમાન રીતે લાગુ પડે છે. જો દેશનો દાટ વળ્યો હોય તો એ છે ધાર્મિક સ્વાતંત્ર્ય! બંધારણ ઘડાયું ત્યારે દરેક દેશવાસીઓને પોતાનો ધર્મ પાળવાની છૂટ મળી પણ એ છૂટ આજે દેશ માટે "શૂળ" બનીને ઊભી છે. એ સાચું કે બધાં મુસ્લિમ પુરુષો ચાર પત્ની કરતાં નથી, વધુ પત્નીઓ એટલે વધુ બાળકો તેવો ખ્યાલ પ્રવર્તવાનો જ. ધારો કે દેશની વસ્તી કંટ્રોલ કરવાના આશયથી બે જ બાળકો એવી નીતિ લાગુ કરવામાં આવે તો જે મુસ્લિમ શખ્સને ચાર પત્નીઓ હોય એમનાં બાળકોની ગણતરી કઈ રીતે કરશો? આવી ઘટનાઓને કારણે જ ચૂંટણી વખતે વડા પ્રધાનને "વધુ બાળકોવાળા" એવો ઉલ્લેખ કરવાનો મોકો મળી ગયો હતો. ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીને પણ બે પત્નીઓ હતી, આદિવાસીઓમાં પણ બહુપત્નીત્વનો રિવાજ છે. એક તરફ બંધારણ કહે છે કે દેશમાં કોઈ પણ નાગરિક સાથે ધર્મ, જ્ઞાતિ, જાતિ, કોમ, સંપ્રદાયના નામે ભેદભાવ ન થવો જોઈએ અને બીજી તરફ એ જ બંધારણ ધર્મ, જ્ઞાતિ, જાતિ, કોમના આધારે છૂટ અને સહુલિયત આપે એ કેવી વિડંબના?

**સુરત - પ્રેમ સુમેસરા**

## પ્રવચનો અને પુસ્તકો

માધ્યમિક શાળા અને કોલેજનાં અમુક શિક્ષકો ઘણી વાર યાદગાર ભાષણો-લેકચરો-આપતાં. આઇ. પી. મિશન હાઈસ્કૂલમાં શ્રી વ્યાસ, શાંતિલાલ કિનારીવાલા, બટલર, વોલર જેઠા પરમાર તેમજ એમ.ટી. બી. કોલેજમાં પ્રોફે. રમણભાઈ આર. પટેલ, આચાર્ય કે. એલ. દેસાઈ, અર્થશાસ્ત્રમાં સુરેશ દેસાઈ, ગોપેશ્વર કોટેશ્વર ભટ્ટ, પુનાથી આવતા પ્રો. ફડકે, ભરૂચના આર. સી. જોશી, સંસ્કૃતના શ્રી અસ્તી, જીવણલાલ પરીખ, ઈતિહાસના સુરેશ શેઠ, ગુજરાતીના કુંજવિહારી મહેતા , જયંત પાઠક વિગેરેનાં ઘણાં લેકચરો યાદગાર હતાં. એ સુવર્ણ જેવાં ભાષણોનો કોઇ રેકર્ડ ન રહ્યો. અમે નોટબુકમાં ઘણી વાર નોંધો લખી લેતા, પરંતુ ભાષણ આપવાની તેમની છટા, શૈલી અને અવાજ તેમાં આવી ન શકે. આર.આઈ. પટેલ એકધારું બોલ્યે રાખતા. અમને અંગ્રેજી કાવ્ય શિખાડતા, કે. એલ. દેસાઈ, કેમ્બ્રીજ યુનિ.માં માત્ર શેકસપિયર લઈને એમ. એ. થયેલા તેમનું જ્ઞાન એટલું અગાધ કે 'ટેમ્પેસ્ટ' નામના શેકસપિયરના નાટકમાં માત્ર બે લિટીના સંવાદ પર એ પોણો એક કલાક બોલેલા. પરંતુ અફસોસ એ બધા વિદ્વત્તાભરેલા લેકચરોનો કોઈ રેકર્ડ નથી રહ્યો. આવી નોંધો ઘણી ઉપયોગી થઈ પડે છે. પરંતુ કમનસીબે શિક્ષકોને જાળવતા નથી. પરિણામે એન્ડ બ્રેડલીના પુસ્તક જેવી રચનાઓ બનતી નથી. શાળા અને કોલેજોએ પોતાના અમુક શિક્ષકો કે પ્રોફેસરો જે પ્રવચનો આપે, તેની વિડિયોગ્રાફી કરતાં રહેવું જોઈએ જેથી વિદ્વાન શિક્ષકોનું જ્ઞાન જળવાઈ રહે અને ભવિષ્યની પેઢીઓ પ્રવચનકાર તેમનાં પ્રવચનોની શૈલી ઢબ વિ.નો પણ અભ્યાસ કરતા રહે.

**સુરત - ભરત પંડ્યા**

## ન્યાય નીતિ સૌ ગરીબને, મોટાને સૌ માફ

આજકાલ ઉપરની પંક્તિમાં કહેવાયુ છે તેમ થઇ રહ્યું છે, મારે તેની તલવાર. જે ધનવાન છે તે કોઇ પણ પ્રકારે પોતાનું કામ કરાવી લે છે. ગરીબ માણસે પોતાનું કામ કરાવવા કચેરીના આંટાફેરા ખાવા પડે છે. તેની પાસે પૈસા ન હોવાથી એ કંટાળીને ન્યાય મેળવવાનું માંડવાળ પણ કરે છે. આજે સૌ પૈસા પાછળ દોડી રહ્યા છે જે મોટો છે (પૈસાથી) તે નાનાને (ગરીબને) ગળી જાય એવું પણ બને છે. મોટું માછલું નાના માછલાને ખાઈ જાય છે તેમ આજકાલ ભ્રષ્ટાચાર વધી રહ્યો છે. શિક્ષણ, રાજકારણ, સમાજ, ધર્મ, અનેક સંસ્થાઓમાં સર્વત્ર ભ્રષ્ટાચાર વધી રહ્યો છે. આ બાબત આપણા દેશને માટે અને ભારતીય સમાજને માટે જોખમકારક છે. પ્રામાણિકતા, દેશભકિત સર્વમાં હોવી જરૂરી છે. દયા, પ્રેમભાવ, સહકાર સર્વમાં હોવા જોઈએ. આવા ગુણો હોય તો દરેક માણસનો વિકાસ થાય. દરેક માણસે સામેની વ્યકિત વિષે વિચારવું જોઈએ. કોઇને આપણાથી તકલીફ ન પડે તેનું ધ્યાન સૌએ રાખવું જોઈએ. જો આમ થાય તો સૌ સુખી થઈ શકે. ગરીબો અંગે પણ ધ્યાન આપવું જરૂરી છે.

**નવસારી - મહેશ ટી. નાયક**

## સુરતીઓ માઈનોરિટીમાં મુકાઈ ગયા છે

મારવાડી, કાઠિયાવાડી, એમ. પી., યુપીના કામદારોને સહેલાઈથી રોજીરોટી મળી રહે છે. રાજકારણમાં પણ તેઓને હથોટી આવી ગઇ છે અને સાંસદો પણ બની ગયા છે. ટેક્ષટાઈલ કોમોડીટીનું એકસપોર્ટ વધી ગયું છે. સાથે સાથે કવોલીટીનું પણ ધ્યાન આપવામાં છે. સાથે સાથે કવોલીટીનું પણ ધ્યાન આપવામાં આવે છે. દલાલો પણ બે પાંદડે થઇ ગયા છે.આમ જોઈએ તો સુરતીઓ સંતોષી છે. ખાણી-પીણીમાં અવ્વલ રહ્યા છે. ઘારી ભુસું, પોંક, ખાજા અને ઉંધિયું ફોજન કરીને એકસપોર્ટ થાય છે.

**અડાજણ – અનિલ શાહ**

## આંધીનું ગુજરાત...

કલમ લપસી ગઇ કે શું? ના, મીડિયા સમાચાર, વર્તમાનપત્રોની માહિતી પુરાવો પુરો પાડે છે. વર્તમાન ગુજરાતની તાસીર આબેહુબ પ્રસ્તુત કરે છે, સચિત્ર નકલખોરીએ તો હદ વટાવી દીધી. મિલાવટ કામ નમુનાઓ લેવાય, પરંતુ ઉત્સવ ઉજવાય ગયા પછી પરિણામ! દરમિયાન હોજરીમાં ભેળસેળયુકત કેટલીય વાનગીઓ જીભ અને તેના સ્વાદને રીઝવી ઝેર હોજરીમાં નુસાન પહોંચાડે. સૂર્યોદય થતાં છાપુ હાથમાં પકડતાં અનેક પ્રકારના અસામાજિક તત્વો આંખ સમક્ષ તરે. ચોરી, લૂંટફાટ, મારામારી નજીવી બાબતે ખૂનામરકી, ડ્રગ્સ, ઐયાશીના છૂપા અડ્ડા, માથાભારે તત્વો સામે પોલીસે સરઘસ કાઢવું પડે!! અકસ્માતો રોજિંદા થઇ ગયા.

દાવો તો એવો થાય છે કે બીજા રાજ્ય કરતાં સારૂ છે. હોઈ શકે પણ ગુજરાતે દિવસે દિવસે ઝાંખુ અને આંધીના મૂળ ફુલીફાલી રહ્યા છે. કારણ મોટા ભાગે પૈસા પાછળની આંધળી દોટ, પ્રજામાં દેખાદેખી. ઓવિડે નોંધ્યું છે 'જીવનમાં જે કંઇ સઘળું આવે છે તે ધીમે ધીમે અને નિર્ધારિત સમયે જ આવે છે' અતિવૃષ્ટિની આંધીખ મ્મા કરે, મધ્યમ અને ગરીબ વર્ગો માટે ભાવ શાકભાજી વગેરેના સ્થિર બને એજ શુભેચ્છા. વિક્રમ સંવત 2081ના પ્રારંભે ઈસ પ્રાર્થના ગુજરાત આંધીમુકત થાય. અસ્તુ.

**સુરત - કુમુદભાઈ બક્ષી**